# પંજાબના ગુરદાસપુરમાં ત્રાસવાદી હુમલો : ૧૧ના મોત


## વહેલી સવારે ૫.૩૦ વાગ્યે હુમલો શરૂ કરાયો : ૧૨ કલાક સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ ત્રણેય ત્રાસવાદીને મોતને ઘાટ ઉતારાયા

ગુરદાસપુર,તા. ૨૭

પંજાબના ગુરદાસપુરમાં ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ૧૨ કલાકથી વધુ સમય સુધી દિલધડક ઓપરેશન ચાલ્યા બાદ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આની સાથે જ ત્રાસવાદીઓ સામે શરૂ કરવામાં આવેલા સુરક્ષા ઓપરેશનનો અંત આવ્યો હતો. તમામ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા હતા.પંજાબના કાઉન્ટર ઈન્ટેલીજન્સના આઈજીએ માહિતિ આપતા કહ્યું હતું કે, લશ્કર-એ-તોયબા અથવા તો જેશએ-મોહમ્મદના આતંકવાદીઓ હોઈ શકે છે. ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા બાદ પોલીસ સ્ટેશનની ઈમારતમાં સુરક્ષા જવાનો ઘુસી ગયા હતા અને હથિયારોની શોધખોળ હાથ ધરી હતી. આ ત્રાસવાદી હુમલામાં કુલ ૧૧ લોકોના મોત થયા છે, જેમાં ૫ પોલીસ જવાનો, ૩ નાગરીકોનો સમાવેશ થાય છે. જ્યારે ત્રણેય ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવાયા હતા. પંજાબ સરકારે ઓપરેશન પૂર્ણ થયા હોવાની વિધિવત જાહેરાત કરી હતી. પંજાબના ડીજીપી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રાસવાદીઓ આજે સવારે પંજાબના ગુરદાસપુર જિલ્લાના દિનાનગરમાં ઘુસી ગયા હતા. આ હુમલામાં એસપી સહિત પાંચ પોલીસ જવાનો શહિદ થયા હતા. ત્રણ નાગરીકો પણ માર્યા ગયા હતા. પંજાબમાં આશરે બે દશકમાં આ સૌથી મોટો આતંકવાદી હુમલો હતો. મળેલી માહિતી મુજબ આતંકવાદીઓ રોડના કિનારે એક ધાબાના માલિકની હત્યા કરીને તેની કારમાં દિનાપુરમાં બસ સ્ટેન્ડ પર પહોંચ્યા હતા જ્યાં જમ્મુ જતી બસ ઉપર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ પોલીસચોકી તરફ આગળ વધ્યા હતા. ત્રાસવાદીઓ સવારે ૫.૩૦ વાગ્યાની આસપાસ ઘુસી ગયા હતા. જ્યાંથી તેઓએ સતત ગોળીબારનો દોર શરૂ કર્યો હતો. સુરક્ષા જવાનો અને કમાન્ડોએ તરત જ મોરચા સંભાળી લીધા હતા. બન્ને તરફથી ગોળીબારની રમઝટમાં પોલીસ અધિકારી બલજીતસિંહ શહિદ થયા હતા. અથડામણ દરમિયાન







તેમના માથામાં ગોળી વાગી હતી. ગંભીરરીતે ઘાયલ થયેલા બલજિતસિંહે હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેમનું મોત થયું હતું. પાકિસ્તાની સરહદથી આ ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. પંજાબના ગુરદાસપુર જિલ્લામાં દિનાનગર જમ્મુ અને કાશ્મીરની બિલકુલ નીજક છે. ભારત-પાકિસ્તાન સરહદથી તે થોડાક અંતર જ સ્થિત છે. ઓપરેશન પૂર્ણ થયા બાદ ગૃહમંત્રી રાજનાથસિંહના નેતૃત્વમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં સંરક્ષણ મંત્રી મનોહર પારિકર અને એનએસએ અજીત ડોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન પણ એકને પકડી પડાયો છે.માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી એકે-૪૭ રાઈફલો, હેન્ડ ગ્રેનેડ, ચીની બનાવટના ગ્રેનેડ અને અન્ય મોટી માત્રામાં મોતનો મસાલો ઓપરેશન પૂર્ણ થયા બાદ મળી આવ્યો હતો. હુમલો થયા બાદ કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે સવારે તરત જ પંજાબના મુખ્યપ્રધાન પ્રકાશસિંહ બાદલ, કેન્દ્રિય ગૃહ સચિવ અને એનએસએ સાથે વાતચીત કરી હતી.સેના વસ્ત્રોમાં ત્રાસવાદીઓ આવ્યાહતા. પ્રાપ્ત અહેવાલ મુજબ ત્રાસવાદીઓએ પહેલા દિનાનગર બસ સ્ટેન્ડ પર ભારે ગોળીબાર કર્યો હતો. ત્યારબાદ દિનાનગર પોલીસ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો. લાંબા સમય બાદ પંજાબમાં ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. નજરે જોનાર સાક્ષીઓએ માહિતી આપતા કહ્યુ છે કે ત્રાસવાદીઓએ જમ્મુ તરફ જતી બસ પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. પોલીસ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ત્રણથી ચાર ત્રાસવાદીઓની ટીમ હતી. આ ટીમ સેનાના યુનિફોર્મમાં હતી. જેથી વહેલી તકે તેમના ઈરાદા અંગે માહિતી મળી શકી ન હતી. નજીકના હાઈવેથી આ ત્રાસવાદીઓ એક જીપ હાઈજેક કરી હતી. ત્યારબાદ વહેલી સાવરે ૫.૩૦ વાગે દિનાનગર બસ સ્ટેન્ડ પર પહોંચી ગયા હતા. પંજાબમાં ત્રાસવાદને ફરી સજીવન કરવાના પ્રયાસ તરીકે પણ કેટલાક લોકો આને જોઈ રહ્યા છે. પંજાબ સરકાર દ્વારા તરત પગલા લઈને સ્કુલ અને કોલેજમાં રજા જાહેર કરી હતી. સાથે સાથે અન્ય વિસ્તારોમાં સુરક્ષા મજબુત કરી હતી.

### ગુરદાસપુર : રેલવે ટ્રેક પર પાંચ જીવતા બોમ્બ મળ્યા

ગુરદાસપુર,તા. ૨૭

પંજાબમાં આજે સવારે ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ ભારે દહેશત લોકોમાં ફેલાઇ ગઇ હતી. હુમલો કરવામાં આવ્યા બાદ રેલવે ટ્રેક પરથી પાચ જીવતા બોમ્બ સમયસર મળી આવતા મોટી ઘાત ટળી ગઇ હતી. રેલવે ટ્રેક પરથી જીવતા બોમ્બ મળ્યાબાદ પોલીસે તમામ જગયાએ સુરક્ષા મજબુત કરી દીધી છે.

પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ગુરદાસપુરમાં ત્રાસવાદી હુમલાને અંજામ આપનાર ત્રાસવાદીઓ દ્વારા જ આ બોમ્બ રેલવે ટ્રેક પર પ્લાન્ટ કર્યા હતા. જો કે સમયસર બોમ્બ મળી આવતા મોટી રાહત થઇ છે. કેટલીક ટ્રેનોમાં પણ ઉંડી તપાસ કરવામાં આવી હતી. જો કે સાવચેતીના પગલા રૂપે પોલીસે પોત પોતાની રીતે તપાસ હાથ ધરી હતી. આ રૂટની તમામ ટ્રેનોને બંધ કરવામાં આવી હતી. ટ્રેન કેટલા સમય સુધી બંધ કરવામાં આવી છે તે અંગે હજુ સુધી કોઇ માહિતી આપવામાં આવ નથી. જો કે દેશમાં ભારે ચર્ચા શરૂઆતથી છેડાઇ ગઇ હતી.

# યાકુબની દયાની અરજી ઉપર આજે સુપ્રીમમાં સુનાવણી થશે

નવી દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટેવર્ષ ૧૯૯૩માં મુંબઈ સીરિયલ બ્લાસ્ટ કેસના અપરાધી યાકુબ મેમણની દયાની અરજીને આજે હાથ ધરી હતી, પરંતુ આવતીકાલે તેના પર ફરી સુનાવણી હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા ક્યુરેટિવ અરજી માટે નિયમ પર એટર્ની જનરલ પાસેથી ખુલાસો માંગ્યો છે. કારણકે, મેમણની દલીલ છે કે ડેથ વોરન્ટ તેની અરજીના આધાર ઉપર સુપ્રીમ કોર્ટના આદેશ પહેલા તેની સામે જારી કરવામાં આવ્યો હતો. બીજીબાજુ જાણકારોનું કહેવું છે કે, યાકુબ મેમણ પાસે દલીલ માટે હવે કોઈ સમય રહ્યો નથી. કેન્દ્ર સરકારે પણ તેની દયાની અરજી સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે અને કહ્યુંછે કે, દયા દર્શાવવા જેવી દેખાતી નથી. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહી દીધું છે કે, તમામ કાયદાકીય રાહતો જે યાકુબ દ્વારા માંગવામાં આવી હતી તે ફગાવી દેવામાં આવી છે. હવે દયાની અરજીની સુનાવણી માટે કોઈ આધાર રહેતો નથી. મહારાષ્ટ્રના રાજ્યપાલ વિદ્યાસાગર રાવે ગઈકાલે કાયદા વિભાગના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. દેવેન્દ્ર ફડનવીસ સરકાર પહેલાથી જ કહી ચુકી છે કે, મેમણ મામલે તમામ રજુઆતો ફગાવી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે તેના દ્વારા દાખલ કરવામાં આવેલી ક્યુરેટિવ અરજીને ૨૧મી જુલાઈના દિવસે ફગાવી દીધી હતી. ક્યુરેટિવ અરજીને ફગાવી દીધાના તરત બાદ યાકુબે મહારાષ્ટ્રના રાજ્યપાલ સમક્ષ વધુ એક અરજી કરી હતી. આ ઉપરાંત યાકુબે તેની ફાંસીના અમલીકરણ ઉપર સ્ટે મુકવાની માંગ કરીને વધુ એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી.યાકુબને ૩૦મી જુલાઈના દિવસે ફાંસી આપવામાં આવનાર છે. તે હાલમાં ફાંસીથી બચવા છેલ્લી ઘડીના પ્રયાસ કરી રહ્યો છે. પ્રોફેશનથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રહેલા મેમણ હાલમાં નાગપુર સેન્ટ્રલ જેલમાં છે. મેમણના પરિવારના સભ્યો ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી જેલમાં હાલમાં યાકુબને મળ્યા હતા. યાકુબના સંબંધી ઉસ્માન મેમણ તેમના વકીલની સાથે મળ્યા હતા. ૫૩ વર્ષીય મેમણની દયાની અરજીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ વર્ષે એપ્રિલ મહિનામાં ફગાવી દીધી હતી જ્યારે તેની બીજી સમીક્ષા અરજી સુપ્રીમ સમક્ષ આવી હતી.



અગાઉ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ કહી ચુક્યા છે કે, મેમણને ફાંસી આપવા અંગે સુપ્રીમ કોર્ટના આદેશને પાળવામાં આવશે. ૨૨ વર્ષ જુના મુંબઈ બ્લાસ્ટ કેસમાં કોઈ આરોપીને પ્રથમ વખત ફાંસી આપી દેવામાં આવનાર છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકાર તરફથી યાકુબ મેમણના પરિવારના સભ્યોને ફાંસીની તારીખ અંગે જાણ કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૨૬૦ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. યાકુબની રિવ્યુ પિટિશન કોર્ટ દ્વારા નવમી એપ્રિલના દિવસે ફગાવી દેવામા ંઆવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારે ટાડા કોર્ટ પાસેથી તેને ફાસી આપવાની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરી હતી. ટાડા અદાલતે તેને ફાંસી પર લટકાવી દેવા માટે વોરંટ જારી કરી દીધુ હતુ. ૫૩ વર્ષીય યાકુબને ટાડા કોર્ટે ૨૭મી જુલાઈ ૨૦૦૭નાદિવસે અપરાધિક કાવતરાનાં દોષિત ઠેરવીને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ મુંબઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમજ રાષ્ટ્રપતિ સુધી તેનો મામલો પહોંચ્યો હતો. ૩૦મી જુલાઈના દિવસે તેને હવે ફાંસી આપી દેવામાં આવશે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે પહેલાથી જ યાકુબની ફાંસી પર તારીખ અને સમયને મંજૂરી આપીદીધી છે. કોર્ટ અને નાગપુર જેલ વહીવટીતંત્રને પણ જાણ કરી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ કોઈ પણ અપરાધીને ફાંસી આપતા પહેલા તેના પરિવારને ૧૫ દિવસ પહેલા જાણ કરવામાં આવે છે.

# યમુના એક્સપ્રેસ વે પર ૩ વર્ષમાં ૩૧૯ના મોત થયા

આગરા,તા. ૨૭

ગ્રેટર નોયડાથી આગરા વચ્ચે બનેલા યમુના એક્સપ્રેસ વે પર છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં એક્સ્માતમાં ૩૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૬૫ કિલોમીટર લાંબા આ એક્સપ્રેસ વે પર દરરોજ સરેરાશ બે અકસ્માતો થઈ રહ્યા છે. એક આરટીઆઈ અરજીના જવાબમાં માહિતી આપવામાં આવી છે કે ઓગષ્ટ ૨૦૧૨ અને એપ્રિલ ૨૦૧૫ વચ્ચેના ગાળામાં આ એક્સપ્રેસ વે પર ૨૧૯૪ અકસ્માત થઈ ચુક્યા છે. જે પૈકી ૨૭૫ અકસ્માત ૨૦૧૨માં અને ૨૦૧૩માં આ સંખ્યા




વધીને ૮૯૬ સુધી પહોંચી ગઇ હતી. વર્ષ ૨૦૧૪માં ૭૭૧ અકસ્માતો બન્યા હતા. જ્યારે વર્ષ ૨૦૧૫માં એપ્રિલ મહિના સુધી ૨૫૨ અકસ્માતો બની ચુક્યા છે. આ તમામ અકસ્માતોમાં ૩૧૯ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૨ હજાર કરોડના ખર્ચથી આ એક્સપ્રેસ વેનુ નિર્માણ કરવામાં આવ્યું હતુ. આ એક્સપ્રેસ વેનુ ઉદ્‌ઘાટન મુખ્યપ્રધાન અખિલેશ યાદવ દ્વારા નવમી ઓગષ્ટ ૨૦૧૨ના દિવસે કરવામાં આવ્યુંહતુ. યમુના એક્સપ્રેસ વે પર થયેલા અકસ્માતોની માહિતી વકીલ એએન શ્રીવાસ્તવે આરટીઆઈ મારફતે માંગી હતી. આ અરજીનો જવાબ યમુના એક્સપ્રેસ વે ઓથોરિટી દ્વારા આપવામાં આવ્યો હતો. આગરા ડેવલપમેન્ટ સેક્રેટરી કેસી જેન દ્વારા માહિતી આપવામાં આવી છે. બેંગલોર-મૈસુર હાઈવે, મુંબઈ-પુણે હાઈવે અને અમદાવાદ-વડોદરા હાઈવેની સરખામણીમાં આ વધારે ખતરનાક છે. દિલ્હીથી આગરા વચ્ચે હાઈવ પર થતા અકસ્માતો પણ અહી કરતા ઓછા છે. જૈને કહ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટે આ મામલાને હાઈ લેવલ એક્સપર્ટ કમિટી સમક્ષ રજૂ કરવા માટે કહ્યું હતું.

# કિસ્તવારમાં આતંકવાદી અડ્ડાનો પર્દાફાશ કરાયો

જમ્મુ,તા. ૨૭

સુરક્ષાદળોએ જમ્મુ કાશ્મીરના કિસ્તવાર જિલ્લાના સિન્થાન વિસ્તારમાં એક મોટા આતંકવાદી અડ્ડાનો પર્દાફાશ કર્યો છે. અહીંથી મોટાપ્રમાણમાં હથિયારોનો જંગી જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. કિસ્તવારના પહાડી જિલ્લામાં પિરપંજાલ રેન્જમાં આ ત્રાસવાદી અડ્ડાનો પર્દાફાશ કરાયો હતો. અહીંથી મોટી માત્રામાં હથિયારોનો જંગી જથ્થો પણ જપ્ત કરાયો હતો. તેમણે કહ્યું હતું કે, ચોક્કસ બાતમી મળ્યા બાદ ત્રાસવાદી અડ્ડાને શોધી કાઢવા માટે તપાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મળી આવેલા હથિયારોમાં એકે-૭૪, દારુગોળો, યુબીજીએલ, રાઈફલ, જુદા-જુદા પ્રકારના કારતુસનો સમાવેશ થાય છે. દારુગોળાનો જથ્થો મળી આવ્યા બાદ મોટી ઘાત ટળી ગઈ છે. ત્રાસવાદીઓ હુમલાની યોજના બનાવી રહ્યા હોવાની વિગત સપાટી પર આવી છે. સુરક્ષાદળોએ મોટા પ્રમાણમાં હથિયારો જપ્ત કર્યા બાદ અન્ય વિસ્તારમાં પણ શોધખોળ કામગીરી હાથ ધરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ફરી એકવાર ત્રાસવાદીઓ સક્રિય થવાના પ્રયાસ કરી રહ્યા છે. ઈન્ટેલિજન્સ બાતમીના આધારે જુદા-જુદા વિસ્તારમાં તપાસ કરાઈ રહી છે.

# ગુરદાસપુરમાં હુમલા બાદ દેશમાં હાઈએલર્ટની જાહેરાત કરી દેવાઈ

નવી દિલ્હી,તા.૨૭

સ્વતંત્રતા દિવસ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પંજાબ સહિત જુદા-જુદા ભાગોમાં આજના હુમલા બાદ હાઈએલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. પાટનગર દિલ્હી, મુંબઈ અને દેશના અન્ય ભાગોમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. પંજાબમાં ગુરદાસપુર ખાતે હુમલા કરવામાં આવ્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. ધાર્મિક સ્થળો, મોટા મોલ, બજારો ખાતે પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. આતંકવાદી હુમલા બાદ પંજાબમાં સુરક્ષાદળોને મહત્તમ સાવધાની રાખવા માટે કહેવામાં આવ્યું છે. એક સીનિયર પોલીસ અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે, સમગ્ર પ્રદેશમાં હાઈએલર્ટ જારી કરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર સાથે સંબંધિત સરહદ ઉપર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. અધિકારીઓનું કહેવું છે કે રાજ્યમાં મહત્વપૂર્ણ સંસ્થાઓ અને અન્ય જાહેર સ્થળો ઉપર વધારાના પોલીસ અને સિક્યુરિટી ફોર્સની તૈનાતી કરવામાં આવી ચુકી છે. પોલીસે કહ્યું છે કે, જગ્યા-જગ્યાએ વાહનોની ચકાસણી કરવામાં આવી છે.

પંજાબ ઉપરાંત ગુજરાત, ચંદીગઢ, પડોશી રાજ્ય હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં પણ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. સંસદ, મેટ્રો અને વીઆઈપી વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્રના જુદા-જુદા ભાગોમાં પણ સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. ભારત અને પાકિસ્તાનની સરહદ ઉપર બીએસએફને પણ સાવધાન રહેવા માટે કહેવામાં આવ્યું છે. મુંબઈમાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુંબઈ અને દિલ્હી તથા અન્ય મોટા શહેરોમાં અગાઉ ત્રાસવાદી હુમલા થઈ ચુક્યા છે. દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા લોખંડી બનાવી દેવામાં આવી છે. નાસિક જેવા શહેરોમાં જ્યાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં પણ સુરક્ષા વધારવામાં આવી છે. મુંબઈ અને પૂણેમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. નોર્થ અને સાઉથ બ્લોક ખાતે સુરક્ષા વધારી દેવામાં આવી છે.

## ચર્ચાસભા (પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્ન પ્રજાના મનોવલણનો બને છે ત્યારે પાત્ર વ્યક્તિ હોય કે સમૂહ હોય પૈસા ખર્ચનાર માટે કંઇ ફરક પડતો નથી. આમ છતાં ટિકિટના છૂટા પૈસા પરત ન આપવાનો અભિગમ વ્યાજબી નથી પરંતુ પદ્ધતિઓના વનિકાસને પ્રોત્સાહિત કરવામાં રહેલો જણાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારે રેલવે બુકિંગ, બેકિંગ, શિક્ષણમાં નિમણૂકો જેવાં ક્ષેત્રોને ભ્રષ્ટાચારના આરોપમાંથી સરળતાથી બહાર લાવી શકાય તેમ છે.

ભ્રષ્ટાચાર વિરોધીઓનો આક્ષેપ ભાવાત્મક અને સાપેક્ષ છે, પરંતુ પ્રજાએ અપનાવેલ ઉકેલ, સહેલી પડતી તકલીફોના ઇલાજરુપે અને સવિશેષ પદ્ધતિના ભાગરુપે હોઇ આજે ભ્રષ્ટાચાર સર્વસ્વીકૃત બનેલ છે. આથી રાજીવ ગાંધીએ પણ કહેવું પડ્યું કે, 'કરપ્શન ઇઝ અ કોમન ફિનોમિન ફોર ડેવલપમેન્ટ.' માત્ર ભ્રષ્ટાચારના વિરોધમાં ઉકેલ નથી મળતો અને પીડા વેઠી ચૂકેલાં બૌદ્ધિકોએ બાવુકતામાં ખેંચાયા વિના રોગના કારણ તરફ જોઇ તેના નવા ઉકેલ માટે વિચારવું પડશે તેમ જણાય છે.

નૈતિક વ્યવહારના હિમાયતીઓને ખોફ વ્યક્તિગત લાભ સામે છે પરંતુ રાજય કે કોઇ સમૂહ જાહેર રીતે પ્રજાનું શોષણ કરે છે તો તેની શી રીતે સ્વીકૃતિ આપી શકાય?

આર્થિક વ્યવહારના ભ્રષ્ટાચારનો વિરોધ કરનાર વ્યક્તિવિશેષનું દૃષ્ટિબિંદુ લોકોની નૈતિકતામાં આવેલ ગિરાવટ ઉપર કેન્દ્રિત થાય છે, પરંતુ સમાજનો અનુભવ કંઇક જુદી દિશામાં ચાલી રહ્યો છે.

## સંસ્કાર ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

માતૃભૂમિ માટે ત્યાગ તથા બલિદાનની ભાવનાઓ કેળવાય તે જરુરી છે. જો ત્યાગને બદલે ગ્રહણ કરવાની વૃત્તિ ધરાવનાર ભાગ્યે જ વફાદાર હોઇ શકે. ત્યાગની ભાવના એ સદૈવ ઉચ્ચ ભાવના ગણાય છે. ગુરુદેવ ટાગોર કહે છે કે ત્યાગ પાછળ પ્રેમનું ભારે બળ હોય છે. જો તમે સાચા મનથી પ્રેમ કરતા હો તો તમો ગમે તે ગમતી વસ્તુઓ પણ ત્યાગ કરી શકો.' ક્રાન્તિવીરો પોતાના જીવનનું જે બલિદાન આપે છે તે માતૃભૂમિ પ્રત્યેના તેના પ્રેમના કારણે, લાલચમાં લપટાઇ જઇ. લક્ષ્મીના તેજમાં અંજાય જઇને માતૃભૂમિને બિન વફાદાર માનવી જરુર શિક્ષાપાત્ર છે. જો શાસકો આવા પાત્રો સાથે ગઠ-બંધન ધરાવતા હોય તો તેનાથી માતૃભૂમિનું રક્ષણ થાય તેમ માનવું ન જોઇએ. વળી માતા તો પોષણ પાલન કર્તા છે. આ માત્ર ખાલી જમીનનો ટુકડો નથી. એ તો જીવંત માતા છે. પોતાના અગણિત સંતાનો માટે અઢળક અન્ન ઉત્પન્ન કરનાર છે. તેની આ પરિસ્થિતિનો વિચાર કર્યા વિના માત્ર ઔદ્યોગિક ઉત્પાદનને વધારવા ખેતીની જમીનને લઇ લેવી તે યોગ્ય નથી તેમજ તેનું કોઇ મૂલ્ય નિર્ધારિત ન કરી શકાય એ તો વર્ષોથી પાક આપે છે અને વર્ષો સુધી પાક આપતી રહેવાની. વસ્તીના પેટનો ખાડો પુરવાનો પ્રશ્ન વધારે કઠિન છે. તેમાં પણ જો ખેતીની જમીન ઘટતી જાય તો શકોરું લઇ વિશ્વ બજારમાં ફરવાનો વારો આવે. જથ્થાબંધ રીતે કારખાનામાં ઉત્પાદિત માલ આ દેહને શણગારી શકે. આરામદાયક સગવડતા ઊભી કરી શકે પરંતુ પેટની આગ ન ઓલવી શકે. જયારે ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગે ત્યારે કારખાનાના ઉત્પાદનો કંઇ કામ ન આવે. શાસકોએ આ વાત યાદ રાખવા જેવી છે કે પાલન-પોષણ માટે માતૃભૂમિનું સંરક્ષણ અવશ્ય કરવું જોઇએ.

વેદના ઋષિએ આપણી સમક્ષ ભૂમિ-સૂક્ત રજૂ કર્યું છે તે તેમાં ભૂમિની વંદના ગાઇ છે. શૌર્ય અને જ્ઞાન, ત્યાગને બલિદાન, તપ અને દક્ષતા. સત્ય અને યજ્ઞ ભાવના. આ તમામ માતૃભૂમિના પોષણકર્તા તથા રક્ષણકર્તા ભાવ છે. આ ભાવોના અભાવે રાષ્ટ્રનું રક્ષણ ન થઇ શકે. યજ્ઞ એટલે માત્ર કુંડમાંનો હવન હનિ પણ પરાર્થે કરાતું પવિત્ર કાર્ય, અને સૌ આગળ છે સત્ય. શાસકોએ તો સત્યનો જ આશ્રય લેવો જોઇએ. સત્ય વિના વિશ્વમાં અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ છે ને ઉપાદક શાસકો વચ્ચે સત્ય વચ્ચે સૌ ગાઉનું છેટું પડી જાય છે. વેદના આ મંત્ર વૈજ્ઞાનિક યુગમાં પણ માનવ મન સાથે, તેની ભાવના સાથે અનુબંધ ધરાવે છે. તે યાદ રાખવા જેવું છે.

# અમરનાથ દર્શન માટે ૬૨૭ શ્રદ્ધાળુઓનો કાફલો રવાના

જમ્મુ,તા.૨૭

વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં આજે પણ યથાવત રીતે જારી રહી હતી. અમરનાથના દર્શન માટે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૬૨૭ શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે રવાના થઈ હતી. આ નવી ટુકડીમાં ૪૮૬ પુરુષો, ૮૮ મહિલાઓ અને ૩ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૫૦થી વધુ સાધુ-સંતો પણ રવાના થયા હતા. વહેલી પરોઢે ૪.૩૦ વાગ્યે



ભગવતીનગર બેઈઝ કેમ્પથી શ્રદ્ધાળુઓનો કાફલો ૧૬ વાહનોમાં રવાના થયો હતો. ત્યારબાદ આ કાફલો જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને પાર કરીને આગળ વધી ગયો હતો. આજની બેંચ સાથે જ અમરનાથ દર્શન માટે જમ્મુ બેઈઝ કેમ્પથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૪૩૨૨૨ સુધી પહોંચી ગઈ છે. આશરે ૩ લાખ જેટલા શ્રદ્ધાળુઓ પહેલાથી જ અમરનાથના દર્શન કરી ચુક્યા છે. ખરાબ હવામાન અને ભારે વરસાદના પરિણામ સ્વરૂપે અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી કેટલીક વખત મોકુફ પણ કરવામાં આવી છે. પરંતુ શ્રદ્ધાળુઓનો ઉત્સાહ ઘટ્યો નથી. યાત્રાને બે-ત્રણ વખત બંધ કરવાની પણ ફરજ પડી છે. આ ઉપરાંત જુદી જુદી માંદગીના કારણે ૨૫થી વધુ શ્રદ્ધાળુઓના મોત પણ થઈ ચુક્યા છે. પ્રતિકૂળ સંજોગોના કારણે અટેકના કારણે મોટાભાગના શ્રદ્ધાળુઓના મોત થયા છે. અમરનાથ યાત્રા બે માર્ગો પરથી હાલમાં આગળ વધી રહી છે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવાયા છે. શ્રદ્ધાળુઓ સાથે પણ સુરક્ષા જવાનોનો કાફલો દેખાઈ રહ્યો છે. આજે સવારે પણ જે ટુકડી રવાના થઈ હતી તેની સાથે સુરક્ષા જવાનો હતો. પંજાબમાં આતંકી હુમલો કરવામાં આવ્યા બાદથી અમરનાથ શ્રદ્ધાળુઓની સુરક્ષા વધારી દેવામાં આવી છે. એવા અહેવાલ મળ્યા છે કે ત્રાસવાદીઓનો ટાર્ગેટ અમરનાથ યાત્રીઓ હતા.

## વિચારસભા (પાના નં. ૪ નું ચાલુ)

ઘરના બધાયે કામ પડતા મૂકી ગર્ટુન પાસે આવી અને પૂછયું 'ડોકટર બોલાવું?' ડેનીએ ઇશારાથી ના પાડી. એના ગળામાંથી તૂટક તૂટક શબ્દો બહાર પડ્યા, 'ગર્ટુન, મને માફ કરજે. મેં તને ઘણો અન્યાય કર્યોછે. આખી જિંદગીમાં કંઇ સુખ ન આપી શક્યો અને...' ગર્ટુન એને રોકતાં બોલી, 'ના, ના, તું આમ માફી ન માંગ. જે કાંઇ પણ બન્યું એમાં મારો પણ વાંક તો હશે જ ને!' એ વિચારી રહી હતી કે, ડેનીની અંતિમ ઘડીએ એણે જે બોલવાનું નક્કી કર્યુ છે એ બોલવા માટેનો આ યોગ્ય સમય છે કે નહીં? ત્યાં ડેની કહેવા લાગ્યો, 'જો કે, હું ગુસ્સે થાઉ એમાં કંઇ ખોટું ન પણ નહોતું. તું આડેધડ ખર્ચા કર્યા કરે તો પણ મારે કંઇ ન બોલવું?'' દબાવી રાખેલી સ્પ્રીંગ ઊછળે એમ ગર્ટુનનો ગુસ્સો ઉછળ્યો, 'આટલા વ્રષો તારાં જેવા મુફસિલનું ઘર કેમ ચલાવ્યું એ મારું મન જાણે છે! મારી બદલે કોઇ બીજી હોત તો ખબર પડત!' હવે ડેની બરાબર તાનમાં આવી ગયો, 'અરે, મને તો એક કહેતાં હજાર મળતી'તી. મારા જ નસીબ વાંકા, તો તું ભટકાણી.' ગર્ટુન બરાબર છંછેડાઇ, 'હું તો આ ચાલી મારા કામે. અહીં બેસીને આ જ સાંભળવાનું હોય તો ફુરસદ કોને છે?' કલાકેક પછી સૂપ લઇ ગઇ ત્યારે ડેની સૂતો હતો ત્યારે તે બોલવા લાગી. 'ડેની, સાવ એવું પણ નથી કે તેં મને પ્રેમ નથી આપ્યો. એમ તો તેં મારી ઘણી કાળજી લીધેલી છે. હું તને ચાહું છું અને મને ખબર છે કે તું મને.... અચાનક એનું ધ્યાન ગયું ડેની તો ગયો. એ બેબાકળી બની ગઇ.' એ કયારે ગયો હશે? મેં કહેલાં છેલ્લા શબ્દો એણે સાંભળ્યા હશે કે નહિ?' પછી તેના માથે વહાલથી હાથ ફેરવતી એ બોલી, 'તાં સાંભળ્યું કે હું તને ચાહું છું? મેં મારું પ્રોમિસ પાળ્યું છે હં! એની આંખો વરસી પડી!'

દાંપત્યજીવનમાં આવતા ઉતાર ચડાવને સાથે મળીને પાર કરીએ! એકબીજાને સહન કરતા અને માફ કરતા પણ શીખીએ એન જે રીતે ખરાબ બાબતો સંભળાવવામાં આપણે બાકી નથી રાખતા એમ કયારેક એકબીજી સારી બે-ચાર વાતો પણ એકસાથે યાદ કરીએ અને તેનું મૂલ્ય સમજતાં થઇએ! નહિ તો કવિશ્રી વિપિન પરીખ લખે છે તે પરિસ્થિતિ સર્જાતા વાહ નહિ લાગે :

'તું કોઇ અમેરિકન પત્નીની જેમ'
મને છોડીને ચાલી તો ન ગઇ.
તેં મને
અનેક માણસોની વચ્ચે વકીલોના સહારે
કોર્ટમાં બદનામ પણ ન કર્યો.
ન તો કયારે આક્રોશ કર્યો, ન ફરિયાદ કરી,
માત્ર એક દિવસ વાતવાતમાં તું આટલું જ બોલી ગઇ :
'આવતે ભવે પતિ તરીકે તમે તો નહિં જ!'